**દાખલ તારીખ ૧૩/૦૩/૨૦૨૬**
**નોંધ્યા તારીખ ૧૩/૦૩/૨૦૨૬**
**ફેંસલ તારીખ ૨૦/૦૩/૨૦૨૬**
**સમય ગાળો ૦૦ – ૦૦ – ૦૭**

सत्यमेव जयते

**મે. ત્રીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ખેડા મુ.નડીયાદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૩૦૬/૨૦૨૬**
**આંક–**

**અરજદારો :– (૧) અર્જુનભાઈ તે દિપાભાઈ પુંજાભાઈ ડાભી**
ઉ.વ.૨૮, ધંધો–મજૂરી કામ
રહે.સતરૂંડા, નવી નિશાળ પાછળ,
તા.મહેમદાવાદ, જિ.ખેડા
(હાલ સેન્ટ્રલ જેલ વડોદરા)

**<u>વિરુદ્ધ</u>**

**સામાવાળા :– સરકારશ્રી.**

---

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ (ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯) મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

---

**અરજદારો તરફે વિદ્વાન વકીલ શ્રી એસ.સી.શર્મા**
**સામાવાળા સરકાર તરફે વિદ્વાન પી.પી. શ્રી ડી.આર.બારોટ**

---

## <u>// ચુકાદો //</u>

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી મહેમદાવાદ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૪૦૪૧૨૩૦૨૪૮/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન, ૩૭૬(૩) તથા પોક્સો એક્ટની કલમ–૧૨, ૫(એલ), ૫(જે)૨, ૬ મુજબનો ગુનો નોંધાયેલ છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીની અટક કરી નડીઆદના વિદ્વાન સ્પે.પોક્સો જજ સમક્ષ રજૂ કરતા અરજદાર/આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવેલ અને ત્યારબાદ અરજદાર/આરોપીએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા બી.એન.એસ.એસ. એકટની કલમ–૪૮૩ મુજબ હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપી વિરુદ્ધ મહેમદાવાદ પોલીસ સ્ટેશનના પોક્સો કેસ નં.૯૮/૨૦૨૧ ના કામે અત્રેની કોર્ટ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ અને ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ અન્વયે દશ વર્ષની સજા કરતા અરજદાર/આરોપી દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ છે અને જે અપીલના કામે નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપી/અરજદારને જામીન આપવામાં આવેલ છે.

(૩) સદર અરજીની સામાવાળાને નોટીસની બજવણી થતાં આંક–૪ થી ડી.આર.બારોટ, પી.પી.શ્રી ની હાજર પુરસીસ રજૂ થયેલ છે તેમજ આંક–૫ થી કે. એચ. ચૌધરી, પી.આઈ., A.H.T.U., ખેડા–નડીઆદનુ સોગંદનામુ રજૂ કરેલ છે.

(૪) અરજદાર/આરોપીના વિદ્વાન વકીલ શ્રી એસ. સી. શર્માએ તેમની દલીલોમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીને મહેમદાવાદ પોલીસ સ્ટેશનના પોક્સો કેસ નં.૯૮/૨૦૨૧ ના કામે નામ. કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ અને ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ અન્વયે દશ વર્ષની સજા કરતા

અરજદાર/આરોપીએ ના.ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરે છે અને જે અપીલના કામે નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા અરજદાર/આરોપીને જામીન મુક્ત કરેલ છે. પરંતુ અરજદાર/આરોપી સામે નવો ગુનો પોક્સો કેસ નં.૦૨/૨૦૨૬ થી નોંધાયેલ છે અને તેથી ના.ગુજરાત હાઈકોર્ટના જામીનના હુકમનો અમલ થયેલ નથી. વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહ્યા છે.

વધુમાં તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીને ના.ગુજરાત હાઈકોર્ટ દ્વારા અગાઉ ૮ દિવસના કામ ચલાઉ જામીન ઉપર મુક્ત કરેલ ત્યારબાદ અરજદાર/આરોપી સમયસર સેન્ટ્રલ જેલ વડોદરા ખાતે હાજર થઈ ગયેલ છે અને જામીનના સમય દરમિયાન ફરિયાદી કે સાહેદો સાથે કોઈપણ અપકૃત્ય કર્યુ હોય તેવુ બનેલ નથી. ભોગ બનનાર સાથે કાયદેસર રીતે લગ્ન કરેલ છે અને લગ્નજીવનથી બે બાળકો પણ છે અને હાલના કેસમાં ડબલ જીઓપાર્ડી પ્રિન્સિપલ લાગુ પડે છે અને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૦૦ અન્વયે એકજ પ્રકારના ગુના માટે બીજી વખત સજા થઈ શકે નહીં તેમ જણાવીને અરજદાર/આરોપીને નામ. કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરવાની ખાત્રી આપીને અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે સામાવાળા સરકાર તરફે વિદ્વાન પી.પી. શ્રી ડી.આર.બારોટે તેમની દલીલોમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી વિરૂદ્ધ મહેમદાવાદ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૦૪૦૪૧૨૩૦૨૪૮/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન, ૩૭૬(૩) તથા પોક્સો એક્ટની કલમ–૧૨, ૫(એલ), ૫(જે)૨, ૬ મુજબનો ગુનો નોંધાયેલ છે તેમજ આ કામના આરોપીને પોક્સો કેસ નં.૯૮/૨૦૨૧ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ અને ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ અન્વયે ના.કોર્ટે દશ વર્ષની સજા કરતા અરજદાર/આરોપી કરેલ છે. આ કામે આરોપીએ ફરિયાદીની સગીર વયની ભોગબનનાર દિકરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ

આપી જાતીય દુષ્કર્મ કરવાના ઈરાદે ગઈ તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજ વહેલી સવારના ૦૪–૩૦ વાગ્યાના સુમારે મોજે ગામની નવી નિશાળ પાછળ ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ ભોગબનનાર નાઓ સાથે તેની મરજી વિરુદ્ધ જાતીય દુષ્કર્મ આચરી ભોગબનનારને ગર્ભવતી બનાવી બે બાળકો દેવરાજ ઉ.વ.૦૨ તથા પૃથ્વીરજા ઉ.વ.૦૭ માસનો જન્મ કરાવી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરેથી ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તે શક્યતાને નકારી શકાય નહીં. વધુમાં વિ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજૂ કરેલ છે તે ધ્યાને લઈ અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન મેળવવાની અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે જામીન અરજી, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું, તપાસના પેપર્સ વંચાણે લીધા તેમજ પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની રજૂઆત સાંભળી. અરજદાર/આરોપી વિરૂદ્ધ મહેમદાવાદ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૦૪૦૪૧૨૩૦૨૪૮/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન, ૩૭૬(૩) તથા પોક્સો એક્ટની કલમ–૧૨, ૫(એલ), ૫(જે)૨, ૬ મુજબનો ગુનો નોંધાયેલ છે. રજૂ થયેલ પેપર્સ વંચાણે લેતાં સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ ના.કોર્ટમાં પોક્સો કેસ નં.૦૨/૨૦૨૬ થી દાખલ થયેલ છે. તેમજ અગાઉના પોક્સો કેસ નં.૯૮/૨૦૨૧ ના કામે ના.ગુજરાત હાઈકોર્ટમાં ફોજદારી અપીલ નં.૨૪૪/૨૦૨૫ ના કામે ના.ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપીને જામીન મુક્ત કરેલ છે. તેમજ ભોગબનનાર સાથે કાયદેસરરીતે લગ્ન કરેલ છે અને લગ્ન જીવનથી બે બાળકો પણ છે. જેથી જામીન અરજીના તબક્કે ધ્યાને લેવાના તમામ પાસાઓ નજર સમક્ષ રાખી અરજદારો/આરોપીઓને શરતોને આધીન બી.એન.એસ.એસ એકટની કલમ–૪૮૩ હેઠળ મળેલ વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી રેગ્યુલર જામીન મુકત કરવા વાજબી અને ન્યાયોચિત જણાતુ હોય, નીચે મુજબનો ન્યાયના

હિતમાં આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

(૧) અરજદાર/આરોપી **અર્જુનભાઈ તે દીપાભાઈ પુંજાભાઈ ડાભી**, રહે. શંત્રુન્ડા, નવી નિશાળ પાછળ, તા.મહેમદાવાદ, જિ.ખેડા, હાલ સેન્ટ્રલ જેલ વડોદરાની રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાની ફોજદારી પરચુરણ અરજી નં.૩૦૬/૨૦૨૬ મંજૂર કરી રેગ્યુલર જામીન મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રુપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી ઉપરોકત ગુન્હામાં નીચેની શરતોને આધીન કામચલાઉ જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :-</u>**

**એ.** અરજદાર/આરોપીએ પોતાને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહીં.

**બી.** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાક્ષી, પુરાવા સાથે કોઇપણ રીતે ચેડાં કરવા નહી કે સાહેદોને લોભ, લાલચ કે ધાક ધમકી આપવી નહી કે સુલેહ શાંતિનો ભંગ થાય તેવુ કોઇ કૃત્ય કરવુ નહી કે કોઇપણ જાતની ગુનાહિત પ્રવૃતિ કરવી નહી.

**સી.** અરજદાર/આરોપીએ જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુકત થયા બાદ દિન-૦૭ માં ટ્રાયલ કોર્ટમાં અસલ પાસપોર્ટ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનુ લેખિત સોગંદનામું દિન-૦૩ માં જે તે અદાલતમાં રજૂ કરવુ.

**ડી.** અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

**ઈ.** અરજદાર/આરોપીએ જામીન મુકત થતી વખતે પોતાના રહેણાંકનુ સરનામુ જરુરી દસ્તાવેજી આધાર સાથે તેમજ પોતાનો મોબાઇલ

નંબર ટ્રાયલ કોર્ટમાં તેમજ સંબંધીત પોલીસ સ્ટેશનમાં આધાર પુરાવા સાથે રજૂ કરવાના રહેશે અને તેમાં કોર્ટની પૂર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહી.

**એફ.** અરજદાર/આરોપીએ છ મહીના સુધી મહીનાના પ્રથમ સોમવારે પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

**એચ.** અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન નામ. અદાલત સમક્ષ નિયમીત હાજર રહેવું.

(૩) અરજદાર/આરોપીએ સંબંધીત કોર્ટમાં જામીન રજૂ કરવા.

(૪) આ હુકમની જાણ સંબંધીત કોર્ટ, જેલ તથા પોલીસ સ્ટેશને કરવી.

**હુકમ આજ તા.૨૦મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.**

તારીખ : ૨૦/૦૩/૨૦૨૬
નડીઆદ.

**(પ્રકાશકુમાર પી.પુરોહીત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
નડીઆદ.
કોડ નં.જી.જે.૦૦૬૮૫

(પી.વાય.સોલંકી)